# દ.ગુ. સમસ્ત ચૌધરી સમાજનું રાજ્ય કક્ષાનું કક્ષાનું ફેડરેશન રચવા બાબતની તવારીખ

(1)

માદરે વતનથી દૂર અમદાવદ, ગાંદીનગર, વડોદરા, ભરૂચ, સુરત, બારડોલી, વ્યારા, માંડવી, કડોદ, સોનગઢ તથા રાજ્યના અન્ય નાના મોટા શહરોમાં નોકરી તેમજ કામધંધાર્થે વસેલા આપણાં સમાજના સભ્યો એકબીજાથી પરિચિત રહે, એકબીજાની નિકટ આવે, એકબીજાને મદદરૂપ થવાની ભાવના કેળવાય એવા શુભ આશયથી દેરક નાના મોટા શહરોમાં વસતા સમાજના સભ્યોએ ચૌધરી સમાજોની રચના કરી છે.

આવા સંજોગોની રચનાથી સભ્યોમાં ભાતૃભાવના વધી છે. જાગૃતિ પણ આવી છે. એકતા અને સંગઠનની ભાવના પણ જાગૃત થઈ છે, પરંતુ સાથે સાથે સમસ્ત સમાજ સામે સામાજિક, શૈક્ષિણક, આર્થિક તથા અન્ય અનેક સાંપ્રત સમયની સમસ્યાઓ પણ ઉપસ્થિત થઈ છે. આપણાં સમાજનાં સાંપ્રત સમયના નિકારણ માટે તથા સાથે આપણાં સસ્ત સમાજના સામાજિક, શૈક્ષણિક, આર્થિક તથા અન્ય ક્ષેત્રોમાં વિકાસ કરી શકાય તે હેતુથી જુદાજુદા શહેરોમાંકાયર્રત ચૌધરી સમાજોને એક છત્ર હેઠળ લવવા અને રાજ્ય વ્યાપી ફેડરેશન રચવા માટેનું યોગ્ય આયોજન હાથ ધરવા, અમદાવાદ, ગાંધીનગર ચૌધરી સમાજની કારોબારીમાં વિચારણા કરવામાં આવી છે.

આ ફેડરેશનની રચના તેના ઉદ્દેશો નક્કી કરવા, તેનુ બંધારણ તૈયાર કરવા માટે સમાજના સક્રિય સભ્યો, બુદ્ધિજીવીઓ તથા જુદાજુદા સમાજોનાં હોદ્દેદારો સાથે ગોળમેજી બેઠકો કરવાનું નકીક કરવામાં આવ્યું છે.

24-10-2006ના રોજ પ્રથમ ગોળમેજી બેઠક માંડવી પ્રાથમિક શિક્ષણ ભવનમાં રાખવામાં આવી. જેમાં સમાજના 38 મિત્રોએ ભાગ લીધો. જેમાં જુદાજુદા ચૌધરી સમાજના પ્રમુખ, મંત્રીશ્રીઓ, કારોબારી સભ્યોએ કિંમતી સલાહ સૂચનો કર્યા હતાં. જેની નોંધ લેવામાં આવી અને ફેડરેશનની રચનાની કામગીરીને બળ મળ્યું.

(2)

તારીખ 31-1-2006ના રોજ વ્યારા ચૌધરી સમાજના સૌજન્યથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સિમિતના કમિટી રૂમમાં ત્રીજી ગોળમેજી પરિષદ બોલાવાવમાં આવી જેમાં સમાજના 57 મિત્રોએ ભાગ લૂધો.

આ બેઠકમાં કામચલાઉ રીતે તૈયાર કરવામાં આવેલ બંધારણનું વાંચન કરી જરૂરી સુધારા વધારા અંગેના સૂચનો સભ્યો પાસેથી મેળવવામાં આવ્યા અને તારીખ 21-1-2007નાં રોજ વડોદરા ચૌધરી સમાજના સહયોગથી ચૌધરી સમાજની ઉત્પત્તિ સ્થાન પાવાગઢ ખાતે સમસ્ત ચૌધરી સમાજનું સંમેલન બોલાવી સૂચિત કારોબારીની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું .

(4)

તારીખ 21-1-2007ના રોજ દક્ષિણ ગુજરાતના સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન)ની રચના કરવા માટે બંધારણ આખરી કરવા કારોબારી રચના કરવા માટેની બેઠક મહાકાળી માતાનાં સાનિધ્યમાં પાવાગઢ ધોળીકૂવા નર્સરીમાં વડોદરા ચૌધરી સમાજના સૌજન્યથી રાખવામાં આવી.

આ બેઠકમાં 250 જેટલા ચૌધરી સમાજના ભાઈઓ, બહેનો, આગેવાનો, વડિલોએ ભાગ લીધો હતો. આ દિવસે તારીખ 21-1-2007ના રોજ સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન)નું બંધારણ વંચાણે લેવામાં આવ્યું તથા બંધારણ રજિસ્ટ્રેશન સમિતિની રચના કરવામાં આવી. બંધારણમાં નક્કી કરવામાં આવેલ પદ્ધતિ પ્રમાણે જુદાજુદા ચૌધરી સમાજના હોદ્દેદારોમાંથી બે-બે પ્રતિનિધિઓની કારોબારીમાં નિમણૂકો કરવામાં આવી . જ્યાં ચૌધરી સમાજોની રચના નથી થઈ તેવા ગ્રામ્ય વિસ્તારોમાંથી ગ્રામ્ય યુનિટ, તાલુકા દીઠ પણ બે-બે સભ્યોનો કારોબારીમાં સમાવેશ કરવામાં આવ્યો. આમ 21 સભ્યોની કારોબારીની રચના કર્યા પછી સર્વાનુમત્તે પ્રમુખ (1), ઉપપ્રમુખ (3), મહામંત્રી (1), સહમંત્રી (3), ખજાનચી (1), આંતિરક ઓડિટર (1) તથા અન્ય કારોબારી સભ્યોની વરણી સર્વાનુમત્તે કરવામાંઆવી હતી.

આમ, આ દિવસે આપણે સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની રચના કરીને એક ઐતિહાસિક કદમ ભર્યું છે. થયેલ કાર્યવાહીની વિગતો પાવાગઢ ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધમાં જણાવેલ છે. જે વંચાણે લેવા વિનંતી છે.

(5)

તારીખ 4-2-2008ના રોજ કડોદ ચૌધરી સમાજના સૌજન્યથી દંતાઈ માતા મંદિર કડોદ ખાતે દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની પ્રથમ કારોબારી બેઠક બોલાવવામાં આવી. જેમાં કારોબારી 21 સભ્યો ઉપરાંત આમંત્રિત સભ્યો સહિત 50 સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં થયેલ કામગીરીની વિગતો કડોદ ખાતે મળેલ કારોબારી બેઠકની કાર્યવાહી નોંધમાં જણાવેલ છે. જે વંચાણે લેવા વિનંતી છે.

(6)

25-2-2007ના રોજ બારડોલી ચૌધરી સમાજના સહયોગથી બારડોલી સરકિટ હાઉસ ખાતે બંધારણ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં બંધારણ સમિતિના સભ્યો ઉપરાંત અન્ય આમંત્રિત સભ્યો મળી કુલ 42 સભ્યોએ ખુબ જ ઉમળકાથી સક્રિય ભાગ લીધો હતો. લગભગ 8 કલાક બંધારણ રચના તથા સમાજનો લોગો પ્રતીક નક્કી કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બંધારણ તૈયારી કરીને રજિસ્ટ્રેશન માટે દરખાસ્ત મદદનીશ ચેરીટી કમિશનરશ્રી સુરતને રજૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

(7)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનના કાર્યાલય માંડવી પ્રાથમિક શિક્ષણ ભવનમાં શરૂ કરવાનું નક્કી થતાં તારીખ 25-3-2007ના રોજ માંડવી ચૌધરી સમાજના સૌજન્યથી સમાજના કાર્યાલયનો ઉદ્દઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના 58 જેટલા સભ્યો, વડીલો આગેવાનોએ હાજરી આપી હતી. માન. સાંસદ સભ્ય ડો. તુષાર એ. ચૌધરીના વરદ્ હસ્તે ફેડરેશનનાં કાર્યાલયનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. આજે આ કાર્યાલય સમાજના દરેક સભ્યને મફત સેવા આપી રહેલ છે. તેમને પણ એકવાર કાર્યાલયની મુલાકાત લેવા આમંત્રણ છે. વ્યારા, વાંકલ, મહુવા અને બારડોલી ખાતે પણ ફેડરેશનના કાર્યાલયો તબક્કાવાર શરૂ કરવાનું આયોજન છે.

(8)

તારીખ 28-4-2007ના રોજ વાંકલ પ્રદેશ ચૌધરી સમાજના સહયોગથી કસ્તુરબા કન્યા છાત્રાલય વેલાવી વાંકલ ખાતે સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશ)ની બીજી કારોબારીની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકની સાથે સાથે ચૌધરી સમાજના લગ્ન ઉત્સુક યુવક યુવતીઓનો પરિચય મેળો પણ યોજવામાં આવ્યો હતો. જેમાં 20 જેટલા યુવક યુવતીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો, અને આ પરિચય મેળાના પરિણામ સ્વરૂપ એક જોડાની પસંદગી થવાથી સમાજના ધારોધોરણ મુજબ એરન્જ મેરેજ ગોઠવવામાં આવ્યા હતાં. જેમને સમાજના હોદ્દેદારોરએ લગ્નમાં હાજરી આપી આશીર્વાદ તેમજ ભેટ પણ અર્પણ કરી હતી. આ બેઠકમાં સમાજના આશરે 150 જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં થયેલ કાર્યવાહીની વિગતો માટે વાંકલ ખાતે મળેલ કારોબારી બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લેવા વિનંતી છે.

(9)

તારીખ 6-4-2007ના રોજ સુરત શહેર ચૌધરી સમાજની રચના કરવા સુરત જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં બેઠક રાખવામાં આવી જેમાં 50 જેટલા સભ્યોએ ભાગ લીધો હતો, પરંતુ હજી સુધી સુરત શહેર ચૌધરી સમાજની રચના થઈ શકી નથી.

(10)

તારીખ 18-10-2007ના રોજ સુરતા મદદનીશ ચેરીટી કમિશનરશ્રીએ આપણાં સમાજના ફેડરેશનનાં બંધારણની મંજૂરી તથા રજિ. સર્ટિફિકેટ આપેલ છે. જે વંચાણે બહાલી આપવામાં આવી

તારીખ 25-11-2007ના રોજ શ્રીમાંડવી ચૌધરી સમાજ-માંડવીના સૌજન્યથી સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન)ની ત્રીજી કારોબારી બેઠક માંડવી કોલેજના સભાખંડમાં રાખવામાં આવી હતી. જેમાં 50 જેટલાં કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કારોબારી બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી. માંડવી બેઠકની કાયર્વાહી નોંધ વંચાણે લેવા વિનંત છે.

(11)

તારીખ 13-1-2008ના રોજ આનંદડુંગરી ગોડધા, તા.માંડવી ખાતે ભગવાન કરુણા સાગર મંદિર સંકુલમાં ચોથી કારોબારીની બેઠક રાખવામાં આવી હતી. આ કારોબારી બેઠક સત્ કૈવલ ટ્રસ્ટના સહયોગથી રાખવામાં આવી હતી. જેમાં કારોબારી સભ્ય ઉપરાંત 100 જેટલા સમાજના આમંત્રિત સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં સમાજના બંધારણની જોગવાઈઓ મુજબ જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી હતી. વધુ વિગતો માટે આનંદ ડુંગરી ગોડધાની કાર્યવાહી નોંધ વંચાણે લેવા વિનંતી છે.

(12)

તારીખ 30-3-2008ના રોજ બાલ્દા મુકામે સમાજની સામાજિક ન્યાય સમિતિની બેઠક બોલાવી ચૌધરી સમાજનાં સગાઈ-લગ્ન અંગેના ધારા ધોરણો સુધારવાની કામગીરી કરવામાં આવી. હવે તારીખ 13-4-2008ના રોજ બારડોલી પાંચમી કારોબારી બેઠક રાખવામાં આવી હતી. જેમાં ચૌધરી સમાજની સગાઈ વિધિ અને લગ્ન વિચ્છેદ અંગેના ધારણોમાં સુધારા ખરડાને સર્વાનુમત્તે મંજૂર રાખવામાં આવ્યો.

(13)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન તથા વડોદરા શહેર ચૌધરી સમાજ મારફતે તારીખ 6-4-2008ના ચૌધરી સમાજના ડોક્ટર, વકીલ, એન્જિનિયર, વર્ગ-1/2 કક્ષાના સરકારી, અર્ધસરકારી બોર્ડ/કોર્પોરેશન, બેંક, એલઆઈસી તથા ખાનગી સંસ્થાઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ બુદ્ધિજીવીઓનું સંમેલન વડોદરા ખાતે બોલાવાવમાં આવ્યું હતું. જેમાં 100 જેટલા સમાજના મહાનુભવો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સંમેલન-બેઠકમાં ફેડરશન માટે નાણાંકીય ભંડોળ, એકત્રિકરણ અંગેની કામગીરી માટે ખાતાવાઈઝ કોરગૃપ અને કન્વિનરોની નિમણૂકો કરવામાં આવી હતી. ફેડરેશનની કામગીરીને વેગ આપવા માટે ઉપસ્થિત સભ્યોએ કિંમતી સલાહ સૂચન કર્યા હતાં.

(14)

તારીખ 13-4-2008ના રોજ પાંચમી કારોબારી બેઠક બારડોલી પ્રદેશ ચૌધરી સમાજના સહયોગથી જલારામ મંદિર હોલમાં બારડોલી ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં કારોબારી સભ્ય સિહત 54 જેટલા સમાજના આમંત્રિત સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં ચૌધરી સમાજના સગાઈ-લગ્ન અંગેના ધારા ધોરણો સુધારેલ ખરડા ઉપર વિસ્તૃત ચર્ચા િવચારણા અને અંતે ઠરાવ કરીને સુધારા ખરડો સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવ્યો હતો, અને ફેડરેશનની સમાજિક ન્યાય સમિતિને નવા સુધારેલા ધારાધોરણ મુજબ કામગીરી શરૂ કરવા સર્વાનુમત્તે મંજૂરી આપવામાંઆવી હતી.

ઉપરાંત તારીખ 27-4-2008ના રોજ દક્ષિણ ગુજરાત સમસ્તા ચૌધરી સમાજ ફેડરેશન તથા મહુવા ચૌધરી સમાજમાં પ્રથમ સમૂહ લગ્નને સપળ બનાવવા નિર્ધાર કરવામાં આવ્યો.

(15)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન તથા મહુવા ચૌધરી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ મહુવાના સંયુક્ત ઉપક્રમે તારીખ 27-4-2008ના રવિવારે ડુંગરી હાઈસ્કૂલ મહુવા ખાતે ચૌધરી સમાજનો પ્રથમ સમૂહ લગ્નનો ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં 7 યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયા. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓએ હાજરી આપી સમાજના સભ્યોએ ઉમળકાભેર ભાગ લઈ દાન જાહેર કર્યુ.

ચૌધરી સમાજ માટે આ એક ઐતિહાસિક ઘટના કહી શકાય

(16)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન તથા ચૌધરી ડોક્ટર એસોસિયેશનનાં સંયુક્ત ઉપક્રમે 18-5-2008 રવિવારના રોજ વી. એફ. હાઈસ્કૂલ માંડવી ખાતે ધોરણ 10-12

પછી શું એ માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા શૈક્ષણિક માર્ગદર્શન **(Career Guidance)** નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં 200 જેટલા વિદ્યાર્થી/વાલીઓએ ઉમળકાભેર ભાગ લીધો. જેમાં ડો.જ્યોતિષ પટેલ બારડોલી, ડો. રાયસિંહ બી. ચૌધરી- સુરત તથા પ્રભુદાસ બી. ચૌધરી, નાયબ સચિવ, ગાંધીનગર તથા હેમંત સી. ચૌધરી પ્રિન્સિપાલ, આઈ.ટી.આઈ જેવા તજજ્ઞો દૃશ્ય શ્રાવ્ય લેક્ચરો આપ્યા.

(17)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની વાર્ષિક સાધારણ સભા તારીખ 25-5-2008ના રોજ બારડોલી પ્રદેશ ચૌધરી સમાજના સહયોગથી શ્રી સુરત લેઉવા પાટીદાર સમાજ સંસ્કૃતિ હોલ-બારડોલી ખાતે રાખવામાં આવી. જેમાં સમાજના નોંધાયેલા 84 જેટલા સભ્યો હાજર રહ્યાં હતાં.

આ વાર્ષિક સાધારણ સભામાં ફેડરેશનની પ્રવૃત્તિની રૂપરેખા તથા વર્ષ દરમિયાન થયેલ કામગીરીની તવારીખ સમાજના પ્રમુખશ્રીએ રજૂ કરી હતી. ફેડરેશનના મહામંત્રીએ તારીખ 1-4-2007થી તારીખ 31-3-2008 સુધીના ચાર્ટર્ડ એકાન્ટન્ટ મારફતે તપાસવામાં આવેલ હિસાબો રજૂ કરી સર્વાનુમત્તે મંજૂર રાખવામાં આવ્યા હતાં. તથા ફેડરેશનનું સને 2008-09નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. અને ફેડરેશનના ટૂંકા ગાળાના તથા લાંબાગાળાના ભાવિ કાર્યક્રમોની વિગતો રજૂ કરવામાં આવી હતી.

(18)

માંગરોળ ચૌધરી સમાજ અને દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજના સંયુક્ત ઉપક્રમે ચૌધરી સમાજના દ્વિતીય સમૂહ લગ્નનું ભવ્ય આયોજન તારીખ 25-5-2008ના શુક્રવારના રોજ વાંકલ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં 6 .યુગલો લગ્ન ગ્રંથીતી જોડાયા હતાં. આ સમૂહ લગ્નમાં સમાજના સભ્યોએ ખુબ જ ઉત્સાહ ઉમળકાભેર ભાગ લઈને નાણાંકીય અને વસ્તુના સ્વરૂપે દાન આપેલું હતું.

(19)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેસનની છઠ્ઠી કારોબારીની બેઠક તારીખ 14-7-2008ના રવિવારે વ્યારા ચૌધરી સમાજના સહયોગથી વ્યારા ખેતીવાડી ઉત્પન્ન બજાર ખાતે મળી હતી. જેમાં કારોબારી સહિત 50 જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં ફેડરેશન મારફતે ચૌધરી દર્પણ ત્રિમાસિક મૅગેઝિન બહાર પાડવા વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે અન્વયે સંપાદક સમિતિની રચના પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત 13-7-2008ના રોજ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેસનના વ્યારા ખાતેના બીજા પ્રાદેશિક કાર્યાલયનું ઉદ્દઘાટન પણ કરવામાં આવ્યું હતું.

(20)

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની ખેડૂત ઉત્કર્ષ સમિતિએ તારીખ 27-7-2008ના રોજ મહુવરિયા તા. મહુવા, જિ. સુરત ગામે શ્રી નાથુભાઈ સુમજીભાઈ ચૌધરીના સહયોગથી ખેડૂત ઉત્કર્ષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 40 જેટલા ખેડૂતો હાજર રહ્યા હતાં. જેમને આધૂનિક ખેતી પદ્ધતિનું તથા ખાતર પાણી-જમીન પરિક્ષણ વગેરેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. સરકારશ્રીની યોજનાઓનું પણ માર્ગદર્શન તથા ઉત્તમ ખેતી પાકોનું નિદર્શન પણ કરવામાં આવ્યું.